# પ્રસ્તાવના

મારા પિતાની દુકાન... એ માત્ર ચાર દીવાલો અને એક છતથી બનેલું માળખું નહોતું. એ તો મારા બાળપણનું બ્રહ્માંડ હતું. પિસ્તાલીસ વર્ષ સુધી એ દુકાનની હવામાં એક આગવી સુગંધ ભળેલી રહી – એ સુગંધ હતી મારા પિતાના પરસેવાની, ગ્રાહકોના વિશ્વાસની અને પેઢીની પરંપરાની. એ દુકાનનો ગલ્લો મારા માટે માત્ર પૈસા ગણવાનું સાધન નહોતો, એ તો સંબંધોના હિસાબ સાચવતો લાલ પૂંઠાવાળો ચોપડો હતો, જેની શરૂઆત હંમેશાં 'શ્રી ૧1'થી થતી.

આ માત્ર મારા પિતાની વાત નથી. આ તો દરેક ગુજરાતી વેપારીની ગાથા છે, જેના લોહીમાં વેપાર વણાયેલો છે. ગુજરાતની માટીમાં જ કંઈક એવું છે કે અહીં લક્ષ્મી (ધન) અને સરસ્વતી (વિવેક)નો સંગમ વેપારમાં જોવા મળે છે. અહીં ધંધો એ માત્ર આજીવિકા નથી, પણ ઓળખ બની જાય છે. આ એ જ ધરતી છે જેણે ધીરુભાઈ અંબાણીના નાના ગૅરેજથી શરૂ થયેલા સાહસને સામ્રાજ્ય બનતા જોયું છે, ગૌતમ અદાણીની ગગનચુંબી ઉડાનને પાંખો આપી છે, નિરમાના કરસનભાઈ પટેલના ઘરે-ઘરે કરેલા સંઘર્ષને સફળતામાં બદલાતા નિહાળ્યો છે અને 'વાઘબકરી ચા'ની દરેક ચૂસકીને સંબંધનો સ્વાદ બનાવ્યો છે. આ બધી જ વાર્તાઓનો પાયો એક જ છે : કોઠાસૂઝ, હિંમત અને સૌથી વધુ, 'ધંધો એ જ ધરમ'નો અતૂટ સિદ્ધાંત.

આ નવલકથાનો જન્મ આ જ મનોમંથનમાંથી થયો છે. મેં મારી નજર સામે સમયના વહેણને જોયું છે અને અનુભવ્યું છે કે કેવી રીતે પેઢીઓની પરંપરા અને કૉર્પોરેટ જગતની સ્પર્ધા વચ્ચે આપણી ઓળખ પિસાઈ રહી છે. આ સંઘર્ષ છે હસમુખભાઈ જેવા વડીલોના એ લાલ ચોપડા વચ્ચે, એનાં પાનાં પર માત્ર ઉધાર-જમા નહીં, પણ સંબંધોની ઉષ્મા, કોઈની દીકરીનાં લગ્નમાં કરેલી મદદ અને વર્ષોનો અતૂટ વિશ્વાસ પણ નોંધાયેલો છે. અને બીજી તરફ છે કીર્તન જેવા MBA થયેલા યુવાનોની એક્સેલ શીટ, જેમાં માત્ર ઠંડા આંકડાઓ, પ્રૉફિટ માર્જિન અને ગ્રોથના ગ્રાફ છે, પણ કદાચ આત્મા નથી. આ ટક્કર છે 'આબરૂ' અને 'બ્રાન્ડ વૅલ્યૂ' વચ્ચેની.

આ નવલકથા લખતી વખતે મારા મનમાં એક જ સવાલ ઘૂમરાતો હતો : ખરું ગૌરવ શેમાં છે? ટર્નઓવરના આંકડાઓમાં કે ગ્રાહકના ચહેરા પરના

સંતોષમાં? નવી શાખાઓ ખોલવામાં કે પેઢીઓ સુધી સચવાયેલા સંબંધોમાં? આ નવલકથા એ જ સવાલોના જવાબ શોધવાનો એક નમ્ર પ્રયાસ છે. આ વાર્તામાં તમને હાર દેખાશે, જીત દેખાશે, સંઘર્ષ દેખાશે અને અંતે એ સત્ય પણ સ્પષ્ટ થશે કે સાચું ગૌરવ ત્યારે જ મળે છે, જ્યારે ધંધાની સફળતા અને ઘરની સુખ-શાંતિ એક જ તુલામાં સમતોલ રહે.

આ વાર્તાનું બીજ મારા પિતાની એ જ દુકાનની સુગંધમાં રોપાયું હતું. આ નવલકથા એ દરેક ‘હસમુખભાઈ’ને સમર્પિત છે, જેમણે માત્ર દુકાનો નહીં, પણ પેઢીઓ ઊભી કરી છે. જેમણે માત્ર પૈસા નહીં, પણ વિશ્વાસ કમાયો છે. અને એ દરેક ‘સવિતાબહેન’ને પણ, જેમનું યોગદાન ક્યારેય કોઈ ચોપડે નથી નોંધાયું, પણ જેમની ધીરજ અને ત્યાગ વગર કોઈ પેઢી ટકી શકી નથી. આ વાર્તા એમને સમર્પિત છે જેમણે પોતાની આવનારી પેઢીને વારસામાં માત્ર ધંધો જ નહીં, પણ ગર્વ પણ આપ્યો છે.

આશા છે કે આ સુગંધ તમારા હૃદય સુધી પહોંચશે અને તમને તમારા પોતાના ‘ઘર, ધંધો અને ગૌરવ’ની યાદ અપાવશે.

**– સૌરભ ખખ્ખર**

## આભારવિધિ

કોઈ પણ પુસ્તકનું સર્જન એકલા હાથે થતું નથી. એ તો એક વટવૃક્ષ જેવું છે, જેનાં બીજ ભલે કોઈ એક વિચારમાં રોપાયાં હોય, પણ તેને સિંચવા અને ઉછેરવા માટે અનેક લોકોનાં સ્નેહ, સહકાર અને પ્રેરણા રૂપી જળ અને સૂર્યપ્રકાશની જરૂર પડે છે. 'ઘર, ધંધો અને ગૌરવ'ના આ વટવૃક્ષને ઉછેરવામાં જેમનો અમૂલ્ય ફાળો છે, એ સૌનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

સૌપ્રથમ, મારા ઘરના એ આધારસ્તંભ, જેમણે મારા અસ્તિત્વને ઘડ્યું છે. મારી મમ્મી, જેમણે મને માત્ર જન્મ જ નહીં, પણ જીવન જીવવાના અમૂલ્ય પાઠ શીખવ્યા. જેમની શીખ કોઈ પુસ્તકોમાં નથી મળતી, પણ જેમણે પોતાના આચરણથી મારામાં સંસ્કારોનું સિંચન કર્યું છે. મારી નાની બહેન, ખુશી. ઉંમરમાં ભલે તે નાની હોય, પણ દરેક મુશ્કેલ ઘડીમાં તે મારા માટે એક પર્વત બનીને ઊભી રહી છે. તેનો નિઃસ્વાર્થ સાથ અને અતૂટ વિશ્વાસ મારી હિંમત બની રહ્યાં. અને મારા મામા, જેમણે મારા જીવનના દરેક નિર્ણયમાં અતૂટ વિશ્વાસ મૂક્યો અને જરૂર પડ્યે એક વડીલ મિત્રની જેમ સાચો માર્ગ ચીંધ્યો.

મારા ગુરુજનો અને માર્ગદર્શકો, જેમણે મને જ્ઞાનની દુનિયાના દરવાજા ખોલી આપ્યા. તેમણે મને માત્ર ભણતર જ નહીં, પણ જીવનને જોવાની એક નવી દૃષ્ટિ આપી છે.

હવે એ લોકોનો આભાર, જેઓ કદાચ જાણતા પણ નથી કે તેઓ આ પુસ્તકના સાચા પ્રેરણાસ્રોત છે. અમારી દુકાને આવેલા એ દરેક ગ્રાહક... તમે મારા માટે માત્ર ગ્રાહક નહોતા, તમે તો મારાં જીવંત પાત્રો હતાં, મારા ગુરુ હતા. તમારી સાથે થયેલી વાતોમાં, તમારી આંખોમાં દેખાતા સંતોષમાં અને ક્યારેક તમારી ફરિયાદોમાં પણ મેં એવા પાઠ શીખ્યા છે, જે દુનિયાની કોઈ MBA કૉલેજ નથી શીખવી શકતી. તમે મને સાંભળ્યો, મને શીખવ્યું અને મને સતત વધુ સારું કરવા માટે પ્રેરણા આપી. આ પુસ્તકનો આત્મા તમારા સૌના અનુભવોથી જ ઘડાયો છે.

આ પુસ્તકની હસ્તપ્રતને પાનાંઓમાં જીવંત કરનાર ઝેન ઓપસ પબ્લિકેશનનો હું વિશેષ આભારી છું. જેમણે આ વાર્તાના બીજમાં રહેલી સંભાવનાને પારખી અને તેને પુસ્તકનું સ્વરૂપ આપવા માટે મને સતત માર્ગદર્શન પૂરું પાડ્યું.

# સુગંધ અને શ્રદ્ધા

બ્રહ્મમુહૂર્તનો એ પહોર હતો, જ્યારે અમદાવાદ શહેરની પોળો હજી નિદ્રાના ઘેરા આલિંગનમાં જકડાયેલી હતી. રાત્રિની નીરવતા પરોઢના આછા ભૂખરા રંગમાં ઓગળી રહી હતી અને ક્યાંક દૂર કોઈ મંદિરની ઝાલરનો રણકાર વાતાવરણમાં એક પવિત્રતાનો સંચાર કરી રહ્યો હતો. માણેકચોકની સાંકડી ગલીઓ, જે દિવસે માનવમહેરામણ અને વેપારના ઘોંઘાટથી ધમધમતી હતી, તે અત્યારે એક તપસ્વીની જેમ શાંત અને ગંભીર મુદ્રામાં લીન હતી. પોળનાં મકાનોની બંધ બારીઓ જાણે ઊંડા ધ્યાનમાં સરી પડેલી આંખો જેવી લાગતી હતી અને દરેક ઘરની બહાર લટકતા દીવા હજી રાત્રિના અવશેષોને સાચવીને બેઠા હતા. ક્યાંકથી આવતો કોઈના ખાંસવાનો અવાજ કે પછી દૂધવાળાની કૅનની ખણખણાટી જ આ મૌનને તોડતી હતી.

આવી જ એક ગલીના નાકે આવેલી 'હરિભાઈ મસાલાવાળા'ની પેઢીનું જૂનું, ભારેખમ, સાગના લાકડાનું પાટિયું હજી અંધારામાં પોતાની ઓળખ છુપાવીને ઊભું હતું. તેના પર વર્ષોના તડકા-ચોમાસાએ પોતાની નિશાનીઓ છોડી હતી; ક્યાંક રંગ ઊખડી ગયો હતો, તો ક્યાંક લાકડામાં સૂક્ષ્મ તિરાડો પડી હતી. છતાં એ પાટિયું કોઈ વૃદ્ધ પણ ગૌરવશાળી યોદ્ધાની જેમ અડગ ઊભું હતું, જેણે સમયના અનેક પ્રહારો ઝીલ્યા હતા.

એ જ સમયે, ખાદીનો લેંઘો-ઝભ્ભો પહેરેલા, સફેદ વાળ અને ચહેરા પર અનુભવની રેખાઓથી અંકિત થયેલા હસમુખભાઈનાં ડગલાંનો ધીમો પણ મક્કમ અવાજ શાંતિને ભંગ કરતો સંભળાયો. તેમનાં પગલાંમાં કોઈ ઉતાવળ નહોતી, પણ એક પ્રકારની લયબદ્ધતા હતી, જે વર્ષોની આદતથી કેળવાઈ હતી. તેમના હાથમાં પિત્તળની ચાવીઓનો ઝૂડો રણકતો હતો, જેનો અવાજ કોઈ સંગીતકારના હાથમાં રહેલા વાદ્ય જેવો સુમધુર લાગતો હતો. દુકાનના

દરવાજા પાસે આવીને તેઓ ક્ષણભર થંભ્યા. તેમની નજર દુકાનના મહાકાય તાળા પર સ્થિર થઈ.

એ તાળું માત્ર લોખંડનો એક નિર્જીવ ટુકડો નહોતું; એ તો પેઢી દર પેઢીની સાક્ષીરૂપ, અનેક તડકા-છાંયડાની મૌન સાહેદી પૂરતી એક એવી તિજોરી હતી જેની અંદર માત્ર મસાલા નહીં, પણ મહેતા પરિવારની આબરૂ, શ્રમ અને વારસો સચવાયેલાં પડ્યાં હતાં. હસમુખભાઈએ ચાવી લગાવી અને એક મક્કમ બળથી તેને ઘુમાવી. ‘કટ્’ કરતો એક કર્કશ પણ પરિચિત અવાજ આવ્યો, જાણે કોઈ વફાદાર ચોકીદારે પોતાના માલિકને સલામ ભરી હોય.

તેમણે લાકડાના ભારેખમ બારણાને ધક્કો માર્યો. એક ‘ક્રી...ચ...’ જેવો લાંબો, ઊંડો અવાજ આવ્યો, જાણે દુકાન આખી રાતની નિદ્રા પછી એક લાંબી આળસ મરડી રહી હોય. જેવો દરવાજો ખૂલ્યો, અંદર ભરાઈ રહેલો હવાનો એક પ્રવાહ બહાર ધસી આવ્યો. એ માત્ર હવા નહોતી; એ તો હતો એક પરિમલ, એક સોડમ, એક એવો શ્વાસ જે હસમુખભાઈનાં નસકોરાંમાં પ્રવેશતાં જ તેમના અસ્તિત્વનો ભાગ બની જતો. આ સુગંધ તેમના માટે પ્રાણવાયુ સમાન હતી; એ શ્વાસમાં ભળતાં જ તેમના થાકેલા શરીરને નવી ચેતના મળતી.

આ સુગંધ કોઈ એક વસ્તુની નહોતી. એ એક સંમિશ્રણ હતું. એક જીવંત ઇતિહાસ. જાણે પેઢીઓનો સંવાદ હવામાં તરતો હોય.

એમાં હિંગની ઉગ્ર પણ પવિત્ર તીવ્રતા હતી, જે દુકાનના અસ્તિત્વની જેમ અડગ અને પ્રબળ હતી. એ જાણે આ પેઢીનો પિતામહ હોય, જે પોતાની હાજરી માત્રથી વાતાવરણ પર આધિપત્ય જમાવી લે. એની ગંધ એવી કે જે સારાં-નરસાં તત્ત્વોને દૂર રાખે, એક રક્ષક કવચની જેમ. હસમુખભાઈ માનતા કે હિંગમાં એક સચ્ચાઈ છે, એક પ્રામાણિકતા છે, જે ક્યારેય પોતાનું સ્વરૂપ છુપાવતી નથી. તે સ્વાદમાં ભળે ત્યારે બીજાને ઉન્નત કરે, પણ પોતાની ઓળખ ક્યારેય ન ગુમાવે. તે શીખવતી હતી કે જીવનમાં પોતાનું સત્ય જાળવી રાખવું કેટલું અનિવાર્ય છે.